# અન્ન તેવો ઓડકાર

એક વાર એક ઋષિએ વિચાર્યું કે લોકો પાપ ધોવા માટે ગંગામાં સ્નાન કરે છે. આમ તમામ પાપો ગંગામાં સમાઈ જાય તો ગંગામાતા પણ પાપી બની જાય. આ પાપ ક્યાં જાય છે? તે જાણવા માટે ઋષિએ તપસ્યા કરી. તપસ્યાના ફળસ્વરૂપ દેવગણ પ્રગટ થાય છે ત્યારે ઋષિએ દેવોને પૂછ્યું કે ગંગામાં જે પાપ ધોવામાં આવે છે તે ક્યાં જાય છે? દેવતાઓએ કહ્યું કે ચાલો આપણે ગંગાજીને જ આ વિશે પૂછીએ.

ઋષિ અને દેવતાઓએ ગંગાજીને પૂછ્યું કે હે ગંગે ! તમામ લોકો આપની પાસે પાપ ધોવા માટે આવે છે, શું તેનાથી આપ પાપી બનો છો? ત્યારે ગંગામાતાએ કહ્યું કે હું કેવી રીતે પાપી બનવાની હતી? હું તો તમામ પાપો સમુદ્રને અર્પણ કરી દઉં છું. ત્યાર બાદ દેવતા અને ઋષિ સમુદ્ર પાસે જઈને પૂછે છે કે હે સાગર દેવ! ગંગા તમામ પાપો આપને અર્પણ કરી દે છે તેથી આપ પાપી બની જાઓ છો?

ત્યારે સમુદ્રે કહ્યું કે હું કેવી રીતે પાપી બનવાનો હતો? મારામાં અર્પિત કરેલ તમામ પાપો વરાળ બનાવીને વાદળ બનાવી દઉં છું. વાદળોએ કહ્યું કે હું પાપી કેવી રીતે ? કારણ કે તમામ પાપોને હું પાણી મારફતે ધરતી ઉપર મોકલી દઉં છું જેનાથી અન્ન ઉપજે છે જેને માનવ ખાય છે. તે અન્નમાં જે અન્ન જે માનસિક સ્થિતિથી ઉગાડવામાં આવે છે અને જે વૃત્તિથી પ્રાપ્ત કરવામાં આવે છે અને જે માનસિક અવસ્થામાં ખાવામાં આવે છે તેના આધાર પર માનવની માનસિકતા બને છે.

જે વૃત્તિથી અન્ન પ્રાપ્ત કરવામાં આવે છે અને જે માનસિક અવસ્થામાં ખાવામાં આવે છે તેવા જ માનવોના વિચારો બનતા હોય છે એટલે હંમેશાં ભોજન શાંત રહીને ગ્રહણ કરવું જોઈએ. અન્ન જે ધનથી ખરીદવામાં આવે તે ધન પણ નીતિની કમાણીનું હોવું જોઈએ.

મનુષ્યોની જે સ્વાભાવિક વૃત્તિ, સ્થિતિ ભાવ બને છે તેના બનવાના કેટલાય કારણો હોય છે, તેમાં આહાર પણ એક કારણ છે. કહેવત છે કે 'જેવું ખાય અન્ન તેવું થાય મન' એટલે આહાર જેટલો સાત્ત્વિક હોય છે, મનુષ્યની વૃત્તિ તેટલી જ સાત્ત્વિક બને છે.

અન્નના સૂક્ષ્મ ભાગથી મન (અંતઃકરણ) બને છે. બીજા નંબરના ભાગથી વીર્ય, ત્રીજા ભાગથી રક્ત અને ચોથા ભાગથી મળ બને છે કે જે બહાર નીકળી જાય છે. આથી મનને શુદ્ધ બનાવવા માટે ભોજન શુદ્ધ હોવું જોઈએ.

ભોજન કરતી વખતે દરેક ગ્રાસે ભગવાનનું નામ જપવાથી અન્નદોષ દૂર થાય છે. જે લોકો ઈર્ષ્યા, ભય અને ક્રોધથી યુક્ત છે તથા લોભી છે અને રોગ તથા દીનતાથી પીડિત છે તેઓ જે ભોજન કરે છે તે સારી રીતે પચતું નથી તેનાથી અજીર્ણ થઈ જાય છે એટલા માટે મનુષ્યએ ભોજન કરતી વેળાએ મનને શાંત તથા પ્રસન્ન રાખવું જોઈએ. મનમાં કામ ક્રોધ, લોભ, મોહ વગેરે દોષોની વૃત્તિઓને આવવા ન દેવી. ભોજન કરવાવાળા તથા ભોજન કરાવવાવાળાના ભાવની પણ ભોજન પર અસર પડે છે જેમ કે ભોજન કરવાવાળાની અપેક્ષાએ ભોજન કરાવવાવાળાની જેટલી વધુ પ્રસન્નતા હશે તે ભોજન તેટલું જ ઉત્તમ દરજ્જાનું માનવામાં આવે છે, ભોજન કરાવવાળો તો ઘણી જ પ્રસન્નતાથી ભોજન કરાવે છે પરંતુ ભોજન કરવાવાળો મફતમાં ભોજન મળી ગયું, મારા આટલા પૈસા બચી ગયા, આનાથી મારામાં બળ આવી જશે.. વગેરે સ્વાર્થનો ભાવ રાખી લે તો તે ભોજન મધ્યમ દરજ્જાનું થઈ જાય છે અને ભોજન કરાવવાવાળાનો એ ભાવ હોય કે આ ક્યાંથી મારા ઘેર આવી ગયો, આની પાછળ આટલો ખર્ચો કરવો પડશે..વગેરે ભાવો તથા ભોજન કરવાવાળામાં પણ સ્વાર્થભાવ હોય તો તે નિકૃષ્ટ દરજ્જાનું ભોજન થઈ જાય છે.

- વિનોદ માછી



> ભોજન કરતી વખતે દરેક ગ્રાસે ભગવાનનું નામ જપવાથી અન્નદોષ દૂર થાય છે. જે લોકો ઇર્ષ્યા, ભય અને ક્રોધથી યુક્ત છે તથા લોભી છે અને રોગ તથા દીનતાથી પીડિત છે તેઓ જે ભોજન કરે છે તે સારી રીતે પચતું નથી તેનાથી અજીર્ણ થઇ જાય છે એટલા માટે મનુષ્યએ ભોજન કરતી વેળાએ મનને શાંત તથા પ્રસન્ન રાખવું જોઇએ



# ભક્તોના સ્વધર્મની રક્ષા કાજે વરુણદેવનો અવતાર-ભગવાન શ્રી ઝુલેલાલ

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

'યદા યદા હી ધર્મસ્ય ગ્લાર્નિ ભવતિ ભારત... ધર્મ સંસ્થાપનાથાય સંભવામિ યુગે યુગે,...' ભગવાન ગીતાજીમાં આપેલા વચનને પૂર્ણ કરવા, ધર્મની સંસ્થાપના કરવા અને ભક્તોને રક્ષણ આપવા વખતો-વખત અવતાર લઈ પ્રજાની ધર્મ પ્રત્યેની આસ્થા અકબંધ રાખે છે. એવા અવતારોમાં હિન્દુ સમાજના એક પંથ સિંધી સમાજના આરાધ્ય શ્રી ઝુલેલાલનું સ્થાન છે. ભગવાન વરૂણદેવના અવતાર મનાતા ઝુલેલાલ-ઉડેરો લાલ, લાલસાંઈ, પલ્લેવારો, જ્યોતિનવારો જિંદ પીર, અમરલાલ, જલ જ્યોતિના નામે પણ ઓળખાય છે. ચૈત્રી બીજ ચેટી ચાંદના નામથી ઓળખાય છે અને સિંધી સમાજનું નવું વર્ષ ઝુલેલાલજીના જન્મદિવસથી શરૂ થાય છે. જેની ઉજવણી દેશ અને વિદેશમાં વસતો સિંધી સમાજ આનંદ, ઉત્સાહપૂર્વક કરે છે. સુરતમાં સિંધી સમાજની વસ્તી સારી એવી છે અને રામનગર વિસ્તારમાં દયા સાગર સેવા મંડળનું શ્રી ઝુલેલાલજીનું મંદિર છે. તદુપરાંત આ જ વિસ્તારમાં તેઓના નિજધામ આશ્રમ, સંત ટેઉરામ આશ્રમ, લેસુડી આશ્રમ આવેલા છે. જ્યાં ભગવાન શ્રી ઝુલેલાલની નિત્ય આરાધના, ભજનકીર્તન થાય છે. લેસુડી આશ્રમમાં ગુરુ નાનકદેવજીનો દરબાર પણ છે. આ તમામ આશ્રમો સહિતના ભગવાન શ્રી ઝુલેલાલને ભજતા સિંધી સમાજનાં મંડળો ચેટીચાંદના દિવસે તેમના નવા વર્ષની તથા ઝુલેલાલજીના જન્મદિનની ઉજવણી ભજન, કીર્તન, સત્સંગ, ભોજન, પ્રસાદ, ભંડારા સાથે કરશે. તદુપરાંત આ દિવસે 'પવિત્ર જ્યોત' જે 'બહીરાણા સાહેબ' તરીકે ઓળખાય છે તે જ્યોત સાથે શોભાયાત્રા કાઢશે અને નદીકિનારે પહોંચી જ્યોતને જળમાં તરતી મૂકશે. આ દિવસે ખાસ કરીને મીઠો ભાત, બાફેલા કાળા ચણા ધરાવવા ઉપરાંત સૂકોમેવો, ફળ,નાળિયેર વગેરે ધરાવવાની પરંપરા છે.

નાનપુરા સિંધી પંચાયત, રામનગર સિંધી સમાજ, પાલ ગૌરવ પથ રોડ વિસ્તારના સમાજ દ્વારા રામનગર, સીટી લાઈટ વિસ્તાર વગેરેથી 'બહીરાણા સાહેબ'ની પવિત્ર જ્યોત સાથેની શોભાયાત્રાઓ 'આયો લાલ, ઝુલેલાલ- ઉડેરો લાલ' તથા વરુણદેવ, ઝુલેલાલજી તથા તેમની લીલાઓનું વર્ણન કરતા ભક્તિગીતો ગાતા નીકળશે. ભરૂચમાં પણ ભગવાન શ્રી ઝુલેલાલના પરિવારના વંશજોનું સ્થાનક છે. ત્યાં પણ ઝુલેલાલના જન્મસ્થાન સિંધથી દાયકાઓ પૂર્વે લવાયેલી પવિત્ર 'બહીરાણા સાહેબ' પવિત્ર જયોત-શ્રી ઝુલેલાલજીનું મંદિર છે જ્યાં ભગવાન શ્રી ઝુલેલાલના પરિવારના 25મા વંશજ બિરાજે છે અને ખૂબ મોટા પાયે સામાજિક સેવા પ્રવૃત્તિઓ પણ ચાલે છે. ભક્તો દૂર દૂરથી દર્શન માટે મોટી સંખ્યામાં પધારે છે.

ફરી મૂળ વાત પૌરાણિક કથા મુજબ, અખંડ ભારતના સિંધ પ્રાંતમાં ક્રૂર મોગલ રાજાના શાસન વખતે રાજાએ પ્રજાને જબરજસ્તીથી ધર્મપરિવર્તન કરાવવા ત્રાસ ગુજારતા અને ભારે દબાણ કરતા પ્રજા પોતાને અને ધર્મને બચાવવા માટે સિંધુ નદીના કિનારે જઈ નદી દેવતા વરૂણદેવને અખંડ પ્રાર્થના કરતી.

> અખંડ ભારતના સિંધ પ્રાંતમાં ક્રૂર મોગલ રાજાના શાસન વખતે રાજાએ પ્રજાને જબરજસ્તીથી ધર્મપરિવર્તન કરાવવા ત્રાસ ગુજારતા અને ભારે દબાણ કરતા પ્રજા પોતાને અને ધર્મને બચાવવા માટે સિંધુ નદીના કિનારે જઈ નદી દેવતા વરૂણદેવને અખંડ પ્રાર્થના કરતી. 40 દિવસે પ્રગટ થયેલા વરુણદેવે અવતાર લેવાનું અને પ્રજાને ભયમુક્ત કરવાનું વચન આપ્યું

40 દિવસે પ્રગટ થયેલા વરુણદેવે અવતાર લેવાનું અને પ્રજાને ભયમુક્ત કરવાનું વચન આપ્યું એ મુજબ ચૈત્ર સુદ બીજને દિવસે સિંધના શ્રી રતનદાસ ઠાકુરને ત્યાં દેવકીદેવીની કુખે એક તેજસ્વી બાળકનો સંવત 1007 ચૈત્રી બીજે જન્મ થયો તેમનું મૂળ નામ ઉદયચંદ હતું. ઉપનામ ઉડેરો લાલ હતું.

તેણે બાળપણથી જ અનેક લીલાઓ કરી રાજાના અભિમાનને ચૂર કર્યું. સર્વ ધર્મ સમભાવનો બોધ આપ્યો અને પ્રજા સ્વ ધર્મનું પાલન કરી શકે એવો માહોલ સર્જ્યો. ઝુલેલાલનો જન્મ સદભાવના અને પ્રેમ, શ્રદ્ધા વધારવા થયો હોવાની માન્યતા છે. એ માટે કહેવાય છે કે '40 40 દિન પાઠ કરે કોય આવે મનવાંછિત ફળ અરુ જીવન સુખમય હોય' સિંધી સમાજ આજે પણ સાહસ, ખુમારી અને સ્વધર્મ નિષ્ઠાને વરેલો છે. 'ઈદં ન મમ'.